અંગત સ્વાર્થી જીવનના અને સાર્વજનિક જીવનના મૂલ્યો અલગ-અલગ રાખીને સમાજ સેવા ન થઇ શકે
- વિમલાતાઇ ઠકકર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૫૯ | ૧૧ માર્ચ, ૨૦૧૩, સોમવાર; મહા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગરમાં શિવરાત્રીની ધામધૂમથી ઉજવણી

પંચદેવ મંદિર ખાતે યોજાયેલા મેળામાં માનવ મહેરામણ ઉમટ્યો : શિવાલયોમાં ભાવિકોની ભીડ જામી

ગાંધીનગર, તા.૧૦

મહાશિવરાત્રી પર્વે આજે ગાંધીનગરમાં ભાવસભર માહોલ સર્જાયો હતો. શિવાલયોમાં વહેલી સવારથી ભાવિકોની ભીડ જામી હતી તો જિલ્લામાં યોજાયેલા મેળાઓમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.

મહા શિવરાત્રીના ધાર્મિક પ્રસંગે આજે વહેલી સવારથી જ મંદિરો અને શિવાલયોમાં ભાવિકોની ખૂબ ભીડ જામી હતી. શહેરના શિવાલયો, મંદિરોને આ પર્વ પ્રસંગને અનુલક્ષીને રોશની તથા ફુલોની માળાથી શણગારવામાં આવ્યા હતા. ગઈકાલ રાતથી જ શિવાલયોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો, વિશેષ પૂજાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. તો આજે વહેલી સવારથી જ ભાવિકો શિવાલયોમાં દૂધ-જળ અને બિલિપત્રના અભિષેક માટે ઉમટી પડ્યા હતા. લઘુરૂદ્ર તથા મહારૂદ્ર જાપ જેવા કાર્યક્રમોમાં પણ શિવભક્તો ઉલ્લાસભેર જોડાયા હતા. મહાશિવરાત્રી પ્રસંગે આજે શહેરમાં ભાવિકોએ ઉપવાસ કર્યા હતા. ફળો અને ફરાળી વાનગીઓ તથા બટેકા - શક્કરીયાની ખરીદી માટે બજારોમાં ભીડ જામી હતી. શહેરના ઓમકારેશ્વર મંદિર, વૈજનાથ મહાદેવ મંદિર, પંચદેવ મંદિર સહિતના શિવાલયોમાં આખો દિવસ ભાવિકોની અવરજવર રહી હતી.

શિવજીની ઉપાસનાના પર્વે શહેર અને જિલ્લામાં વિવિધ સ્થળોએ મેળાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સવારે મંદિરો - શિવાલયોમાં પૂજામાં ભાગ લઈ બપોર બાદ ભાવિકોએ મેળાની મોજ માણી હતી. સેક્ટર-૨૨ ખાતે સ્થિત પંચદેવ મંદિરના મેળામાં આસપાસના ગ્રામજનો ઉપરાંત શહેરીજનો પણ ઉલ્લાસભેર જોડાયા હતા. વિવિધ ચીજવસ્તુઓની ખરીદી સાથે મેળાનો માહોલ સૌએ માણ્યો હતો. ભાંગના પ્રસાદ માટે પણ ભીડ જોવા મળી હતી. મેળામાં ઉમટેલા માનવ મહેરામણને ધ્યાને રાખી શહેર પોલીસ દ્વારા વિશેષ બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યું હતું.

પંચદેવ મંદિર ઉપરાંત શહેરની નજીક આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિર અને વાસણિયા મહાદેવ મંદિર ખાતે પણ મેળા યોજાયા હતા. જેમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારના ગ્રામજનો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા. મહાદેવના દર્શનનો લ્હાવો પ્રાપ્ત કરી વિવિધ ચકડોળ અને રાઈડ્સમાં બેસવાનો આનંદ પણ સૌએ માણ્યો હતો.

જિલ્લામાં સ્વાઈન ફ્લુથી મહિલાનું મોત

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં પ્રસરી રહેલ સ્વાઈન ફ્લુનો રોગ થમવાનું નામ લેતો નથી. આજે ગાંધીનગર શહેરના સે. ૨૨ની એક આધેડ વયની મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર નજીકની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

બીજી તરફ ગઈકાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફ્લુ માટે દાખલ કરાયેલ મહિલાનું આજે સવારે સારવાર દરમ્યાન મોત નીપજ્યું છે. આ મહિલાના મોત સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુથી મૃત પામનાર દર્દીઓની સંખ્યા ૩ થઈ છે. જ્યારે સ્વાઈન ફ્લુના ૧૨ કેસ પોઝીટીવ અત્યાર સુધીમાં નોંધાયા છે. જેમાંથી ૪ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે અને હજુ મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨માં આધેડ વયની એક મહિલાને સારવાર માટે છેલ્લા ત્રણ-ચાર દિવસથી ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જેની તબિયતમાં સુધારો ના જણાતાં ખાનગી હોસ્પિટલ દ્વારા સ્વાઈન-ફ્લુનો ટેસ્ટ કરાવડાવવામાં આવતાં તેણીનીને તેપોઝીટીવ જણાઈ આવતાં આ અંગેની જાણ તંત્રના અધિકારીઓને કરવામાં આવી છે.

તંત્ર દ્વારા સે. ૨૨માં આજે સવારથી સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

દરમ્યાન ગઈકાલે કલોલ તાલુકાના પ્રતાપપુરા ગામની પરિણીતાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ જ્યાં મોડી રાત્રે તેણીની તબિયત નાજુક બની હતી અને વહેલી સવારે તેણીનીએ દેહ છોડી દીધો હતો.

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં જે ૩ દર્દીઓના મોત નીપજ્યા છે તેમાં ૧ કલોલ તાલુકામાં, ૧ ગાંધીનગર તાલુકામાં અને ૧ માણસા તાલુકામાં નોંધાયો છે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે હવે ગરમીના પ્રમાણમાં વધારો થતાં કેસની સંખ્યામાં ઘટાડો થશે. જો કે અત્યાર સુધીમાં જે દર્દીઓ જિલ્લામાં નોંધાયા છે તેમાં મહિલા દર્દીઓની સંખ્યા વધારે જણાઈ છે. સ્વાઈન ફ્લુની આ વખતે બે પ્રસુતા મહિલાઓ પણ દર્દી બની હતી જો કે આ મહિલાઓની તબિયત સુધારા પર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લા માટે મનરેગાનું ૮.૨૬ કરોડનું બજેટ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા માટે ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મનરેગાનું રૂ. ૮.૨૬ કરોડનું લેબર બજેટ તૈયાર કરવામાં આવ્યું છે. જે આગામી ૧૫મી માર્ચના રોજ મળનાર જિલ્લા પંચાયતની કાસ સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ થશે.

આગામી વર્ષ માટે મનરેગા યોજનાના લેબર બજેટમાં ચાલુ વર્ષની જોગવાઈ કરતાં રૂ. ૭૬ હજારનો વધારો કરવામાં આવ્યો છે. જો કે આ લેબર બજેટમાં રોજગારીના માનવદિનમાં ઘટાડો થઈ રહ્યો છે. આમ ખર્ચમાં વધારો પણ માનવદિન રોજગારીમાં ૨૫ હજાર જેટલો ઘટાડો થતો હોવાની વાત ચિંતાજનક હોવાનું બજેટ રસિયાઓ માની રહ્યા છે.

આ લેબર બજેટમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન તથા રાજીવ ગાંધી ભારત નિર્માણ કેન્દ્ર પર વધુ ભાર મુકવામાં આવ્યો છે.

બજેટ નિષ્ણાતોના જણાવ્યાનુસાર જિલ્લામાં આગામી વર્ષ દરમ્યાન ૨૨ જેટલા રાજીવગાંધી ભારત નિર્માણ કેન્દ્રો બનાવવામાં આવશે. આ ભારત નિર્માણ કેન્દ્રો ગાંધીનગર તાલુકામાં પાંચ, કલોલમાં ચાર, માણસામાં પાંચ તથા દહેગામ તાલુકામાં ૮ બનાવાશે. આ ૨૨ રાજીવ ગાંધી ભારત નિર્માણ કેન્દ્રોના નિર્માણ થકી ૪૭,૬૦૦ માનવદિન રોજગારી ઉભી કરવામાં આવશે. આ પાછળ રૂ. ૩૨.૩૬ લાખનો ખર્ચ થશે તેવો અંદાજ છે.

આ બજેટમાં ૨૨૪૬ જેટલા શૌચાલયો બનાવવામાં આવશે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૪૯૦, કલોલમાં ૩૯૨, માણસામાં ૧૧૬૪ અને દહેગામમાં ૪૦૦ શૌચાલયો બનાવવામાં આવશે.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાના બજેટમાં રૂ. ૭૬ હજારનો વધારો કરવામાં આવ્યો છે. પરંતુ માનવદિન રોજગારીમાં ઘટાડો નોંધાયો છે. ચાલુ વર્ષ દરમ્યાન સાડા ત્રણ લાખ માનવદિન રોજગારીનું નિર્માણ આ યોજનાના અમલીકરણ દ્વારા કરવામાં આવ્યું છે જે ઉલ્લેખનીય છે.

આ વખતે યોજનાના અમલીકરણમાં રાજય સરકારના લાઈન ડીપાર્ટમેન્ટ દ્વારા જોઈએ તેવો રસ દાખવવામાં આવ્યો નથી અને તેને કારણે નવા કામો જે હાથ ધરવા જોઈએ તેમાં ભારેખમ ઘટાડો નોંધાયો છે.

જો કે સિંચાઈ વિભાગે ૬૬ જેટલા કામો સૂચવ્યા છે. બાકીના વિભાગો કામો સૂચવવામાં પણ નિષ્ફળ રહ્યા છે.

આ લેબર બજેટ જે તે ગ્રામ પંચાયતની ગ્રામસભામાં પસાર કરી અને તાલુકા કક્ષાએ મંજૂરી માટે મોકલવામાં આવ્યા હતા. આ પછી જિલ્લા કક્ષાએ તેનુ આખરીકરણ કરાયુ અને હવે જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ થશે તે પછી રાજય સરકારને મોકલવામાં આવશે.

લાલકૃષ્ણ અડવાણી ૨૫મી માર્ચે ગાંધીનગર આવે છે

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની વિજીલન્સ કમિટીમાં હાજરી આપવા સતત ત્રીજીવાર તેઓ ગાંધીનગર આવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સાંસદ અને ભાજપના રાષ્ટ્રીય અગ્રણી શ્રી લાલકૃષ્ણ અડવાણી આગામી ૨૫મી માર્ચના રોજ ગાંધીનગરના એક દિવસના પ્રવાસે આવી રહ્યા છે.

શ્રી અડવાણી ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની વિજીલન્સ કમિટીના ચેરમેન હોવાને નાતે આ બેઠકમાં હાજરી આપવા માટે ગાંધીનગર આવી રહ્યા છે. તેઓ જિલ્લાકક્ષાની કોઈ સરકારી બેઠકમાં સતત ત્રીજી વખત માત્ર હાજરી આપવાના એકમાત્ર હેતુસર આવી રહ્યા છે.

શ્રી અડવાણીની આ ગુજરાત મુલાકાત વિધાનસભાનું સત્ર ચાલુ છે ત્યારે તેઓ આવી રહ્યા હોવાથી તેનુ રાજકીય મહત્વ સવિશેષ બની રહે છે. તેઓ ગુજરાતના નવા ચૂંટાયેલા ધારાસભ્યોને પણ મળે તેવું વિચારાઈ રહ્યું છે.

બીજી તરફ વિજીલન્સ કમિટીની આ બેઠક માટે જિલ્લા તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલીકરણ માટે આ વીજીલન્સ કમિટીની રચના કરવામાં આવે છે અને તેનું ચેરમેન પદ જિલ્લાના સાંસદને આપવામાં આવે છે.

હમણાં સુધી જિલ્લાકક્ષાની બેઠકોમાંથી અલિપ્ત રહેલા શ્રી અડવાણીએ છેલ્લી બે બેઠકોમાં હાજરી આપી છે એટલુ જ નહિ પણ તેમણે નિર્મળગામ અભિયાન અને કેન્દ્ર પુરસ્કૃત ઈન્દિરા આવાસ યોજના અંગે કેટલાક મહત્વના સૂચનો પણ કર્યા હતા.

ગાંધીનગરના પ્રશ્નો અંગે સામાન્યતઃ મૌન પાળતા શ્રી અડવાણીએ હવે ગાંધીનગરના પ્રશ્નો અંગે તેમનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે અને સારો એવો રસ દાખવી રહ્યા છે જે ઉલ્લેખનીય છે.

આજે ના-બાર્ડના ચેરમેન ગાંધીનગર-સાબરકાંઠા આવશે

ગાંધીનગર, તા. ૧૦

નાબાર્ડના ચેરમેન શ્રી ડૉ. પ્રકાશ બક્ષી આજે એક દિવસની ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે.

ડૉ. બક્ષી સવારે વિમાન માર્ગે અમદાવાદ આવી પહોંચશે અને ત્યાંથી સીધા તેઓ ગાંધીનગર આવશે. ગાંધીનગરખાતે તેઓ દેનાબેંકની રિજીયોનલ કચેરીમાં જશે જ્યાં દેનાબેંકના રિજીયોનલ મેનેજર શ્રી એમ.એસ. શાહ તથા દેના ગ્રામીણ બેંકના ચેરમેન શ્રી પાનેરી સાથે ઔપચારિક બેઠક કરશે.

ડૉ. બક્ષી આ પછી સે. ૧૭માં આવેલ દેના-ગ્રામીણ બેંકની મુલાકાત લેશે અને ત્યાં પણ ઔપચારિક બેઠક બાદ સીધા સાબરકાંઠા જિલ્લાના પ્રવાસે જવા રવાના થશે. સાબરકાંઠા જિલ્લાના તાજપુર કુઈ ખાતે તેઓ દેના ગ્રામીણ બેંકની મુલાકાત લેશે. આ ઉપરાંત ત્યાં તેઓ સખી મંડળની મહિલા પ્રતિનિધિઓ સાથે પણ બેઠક કરશે. આ પછી ડૉ. બક્ષી સાબર ડેરીની મુલાકાત લેનાર છે.

સાબરડેરીની મુલાકાત બાદ તેઓ સાબરકાંઠા જિલ્લાના ટીંટોઈ ગામે જવા રવાના થશે અને ટીંટોઈ ખાતે દેના બેંકના અધિકારીઓ, સખી મંડળની મહિલા પ્રતિનિધિઓ અને બેંકર્સ સાથે એક સંયુક્ત બેઠક કરશે.

આ પછી ડૉ. બક્ષી ગાંધીનગર પરત આવી નાબાર્ડના અધિકારીઓ અને બેંકીંગ ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી રાત્રે મુંબઈ જવા રવાના થશે. નાબાર્ડના ચેરમેન ડૉ. પ્રકાશ બક્ષીની આ ગુજરાત મુલાકાતને બેંકીંગ ક્ષેત્રના અધિકારીઓ મહત્વની લેખાવી રહ્યા છે. તેઓની આ મુલાકાતને લઈ તંત્ર દ્વારા પણ તેયારીઓ પૂરજોશમાં આરંભાઈ છે.

ભવનાથનો મેળો શાહી સ્નાન સાથે સંપન્ન

જુનાગઢ, તા.૧૦

ગિરનારની ગોદ ભવનાથ તળેટીમાં યોજાયેલા મેળાની મહાશિવરાત્રીના શાહી સ્નાન સાથે આજે પૂર્ણાહુતિ થિ હતી. આ શાહી સ્નાન માટે આશરે ૪ લાખ ભાવિભક્તો ઉમટ્યા હતા. કુંભ મેળા ની જેમ જ પવિત્ર ગણાતા આ ભવનાથના મેળાની શરૂઆત છઠ્ઠી માર્ચના દિવસે ધ્વજારોહણ સાથે થઇ હતી. પાંચ દિવસ સુધી ચાલેલા આ ભવનાથના મેળામાં પાંચેય દિવસ અલગ-અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.